કચ્છમિત્ર દૈનિક
૨૭/૧૦/૧૧



# કન્યા કેળવણીનું પાંગરતું પુષ્પ

**મનસુખ ક. ઠક્કર**

**શ્રી** નવજીવન વિકલાંગ સેવા શ્રેય નામની સંસ્થા ભચાઉ શહેરમાં ૨૦ વર્ષથી, સામાજિક, આર્થિક, માનસિક, શૈક્ષણિક ઉત્કર્ષના કાર્ય માટે સ્થાપના કરનારા જીતુભાઈ જોષીએ એકલા હાથે પરંતુ વિવિધ ક્ષેત્રના કામ આપે એવા મણકા શોધી શરૂ કરી.

વીસ વર્ષ પહેલાં વાગડના પછાત ગામમાં અને પછાત જ્ઞાતિના ઉત્કર્ષ માટે કામ કરવું કઠિન હતું. વારંવાર દુષ્કાળ પડે. મોટા કોઈ ધંધા-ઉદ્યોગ નહીં. એવા કપરા વખતે મુંબઈ સિવાય સ્થાનિક આર્થિક વિકાસની શક્યતા નહીંવત હતી તેવા કાળમાં સ્થાપેલી આ સંસ્થા આજે વીસ વર્ષની યુવાન બની છે. પરંતુ મહિલા કન્યાઓમાં શિક્ષણનું જે કાર્ય કર્યું છે, કરે છે એ સરાહનીય છે.

શ્રી નવજીવન વિકલાંગ સેવા શ્રેય દ્વારા ભચાઉ ખાતે કન્યા છાત્રાલય ચાલે છે. પ્રાથમિક શાળા, વિવિધલક્ષી કલ્યાણ કેન્દ્ર, ગૌશાળા તથા અંગ્રેજી માધ્યમની શાળા અને પ્રા. કુમાર છાત્રાલય પણ ચાલે છે.

## કન્યા છાત્રાલય

દુધઈ માર્ગ પર પાણી પુરવઠા કચેરી સામે સામાન્ય છાપરામાં, નબળા કુટુંબની આર્થિક રીતે નબળી, નિરાધાર અને વિકલાંગ કન્યાઓ માટે નિઃશુલ્ક પ્રવેશ આપી તેઓ સ્વાવલંબી ન થાય ત્યાં સુધી સંસ્થા દ્વારા પ્રયત્નો કરી આગળ વધારાય છે. હાલે સંસ્થા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પોલીસ સ્ટેશન પાસેની જગ્યામાં શ્રીમતી મીનાક્ષીબેન પ્રફુલકુમાર બાબુલાલ સત્રાના નામે વિશાળ બિલ્ડીંગમાં ચાલે છે. ધો. ૩થી ધો. ૧૨મા સુધીની ૬૦ કન્યા અહીં રહીને અભ્યાસ કરે છે. હાલે ૧૦૦ કન્યા રહી શકે તેવી સુવિધા છે. ભવિષ્યમાં ૨૦૦ કન્યાઓને સુવિધા આપી ભણાવી શકાય તેવી નેમ છે. જે માટે હજુ ૧૨ બીજા રૂમો કન્યા પ્રાથમિક શાળાના ૩ રૂમો તેમજ ટ્રસ્ટ કાર્યાલય બાંધવાના ચક્રો ગતિમાન છે.

## કન્યા કેળવણી

રમતનું વિશાળ મેદાન, ખુલ્લી હવા, ૨૪ કલાક વીજળી, પાણી, પલંગ, ગાદલા, ગરમ પાણી અને દેખરેખ માટે મહિલા કર્મચારીની નિયુક્તિ કરાઈ છે. આ સંકુલનો પ્રથમ તબક્કો રૂા. ૪૦ લાખમાં ૨૦૦૭માં બંધાયો છે.

૪ એકર જેટલી જમીન સરકાર પાસેથી ખાસ રાહતદરે વેચાણ લઈ ભૂમિદાતા તરીકે અને આ નૂતન સંકુલનું સપનું સાકાર કરવા કમર કસી તેવા અમૃતલાલ પ્રેમજીભાઈ છાડવા સામખિયાળીના હાલે સુંદરમ બુક મુંબઈની મહેનત દાદ માંગે તેવી છે. સંકુલ નિર્માણમાં અનેક દાતા મેળવી આપવાની અન્ય જવાબદારી તેઓએ નિભાવી છે જ્યારે રૂા. ૧૧ લાખનું દાન આપીને ભોજનાલયના દાતા તરીકે ધનજી ગેલાભાઈ ગાલા લાકડિયા, ભૂમિદાતા તરીકે માતુશ્રી ગંગાબેન પ્રેમજી છાડવા જેમણે રૂા. ૬ લાખ ભૂમિની રકમ ભરી છે.

## સાર્વજનિક કુમાર છાત્રાલય

પટેલ બોર્ડિંગની સામે ધો. ૫થી ૧૨ માટે હંગામી સેન્ટરમાં ૨ વિદ્યાર્થી રહીને અભ્યાસ કરે છે. દરવર્ષે ૨૦ વિદ્યાર્થીની ગ્રાંટ પેટે રાજ્ય સરકારના સમાજ કલ્યાણ ખાતા દ્વારા ૧,૨૦,૦૦૦ની ગ્રાંટ મળે છે. ભવિષ્યે જમીન મંજૂર થયે પાકું સંકુલ ઊભું કરવા પ્રયાસ થઈ રહ્યો છે. આ બોર્ડિંગના છાત્રો પટેલ બોર્ડિંગની સાર્વજનિક.સ્કૂલમાં અભ્યાસ કરે છે.

## શ્રીમતી એમ. ટી. પટેલ કન્યા પ્રાથ. શાળા

જેમાં ૫ શહેરની અને ૪૦ સંસ્થાની મળી ૪૫ કન્યા અભ્યાસ કરે છે જેમાં ધો. ૫થી ૮ સુધીની હાલે સુવિધા છે. આગામી વર્ષમાં ધો. ૧૦-૧૨ સુધી લઈ જવાની નેમ છે. આ સંકુલ માટે મોરબીના સિરામિક્ના ઉદ્યોગપતિ ઠાકરશી ગાંડુભાઈ પટેલે રૂા. ૯ લાખનું દાન આપ્યું છે.

## વિવિધલક્ષી કલ્યાણ કેન્દ્ર

મૂંઝવણવાળી બહેનોને માનસિક, શારીરિક સક્ષમ બનાવી સ્વરોજગારી માટે પ્રયત્નો કરી મનોબળ મજબૂત કરવામાં ઉપયોગી બને છે. અત્યાર સુધી ૬૦થી વધુ બહેનોને સક્ષમ બનાવી છે. એક બહેન મહિલા આશ્રિત તરીકે રહે છે.

## ગૌશાળા

૨૫ મૂંગા જીવોની ગોવાળ દ્વારા સંભાળ કરાય છે જે પાછળ મહિને ૨૦ હજાર રૂા. ખર્ચ થાય છે. ગાયોને સૂકો-લીલોચારો રાખવા ગોડાઉન છે અને જેના દ્વારા દૂધ-દહીં-ઘી છાત્રાલયની બહેનાને ઉપયોગમાં લેવાય છે.

## શ્રીમતી પરમાબેન માલશી ભુરા ગડા

ગામ મનફરા હાલે મુંબઈના ડૉ. મનસુખ જૈનના ભૂમિદાનની રૂા. ૨૨ લાખના ખર્ચ ઉપર નીચે મળીને ૬ રૂમ બંધાયા છે જેમાં નર્સરીથી ધો. ૫ સુધી ૧૫૦ વિદ્યાર્થી ભાઈ-બહેનો અંગ્રેજી માધ્યમનું જ્ઞાન મેળવે છે. પ્રિન્સિપાલ સહિત ૮ શિક્ષકો સેવા બજાવે છે. હવે આ સંકુલમાં ધો. ૧૨ સુધી અભ્યાસ વધારવા તેમણે વાર્ષિક રૂા. ૫ હજારની ફી લઈ નહીં નફો નહીં નુકસાનના ધોરણે ૨ જોડી કપડાં, ૧ જોડી બૂટ-મોજાં બાળકોને અપાય છે. તેમના નિવાસેથી શાળા સુધી લઈ જવા મૂકવા વાહન સેવા રખાઈ છે. ૮૦૦ ચોરસ વારનું સંકુલ નાના ભૂલકાંની સંસ્કારીતા ચપળતાથી ભર્યુંભાદર્યું લાગે છે. બાજુમાં ૧૬૦૦ વારની જગ્યામાં સુંદર બગીચો રમત-ગમતના શાળાના બાળકો માટે ત્યાંના રહીશો રતનભાઈ પટેલ, મંજુલાબેન પટેલ, ગણેશ પટેલ, અભેસિંહ જાડેજા વગેરેએ ઉપયોગ કરવા આપ્યો છે.

જીતુભાઈ જોષીને અમૃતભાઈ ધાડાવા, શ્રીમતી જયાબેન પ્રેમજી જેસંગ ઘેડા, ધારાસભ્ય બાબુભાઈ શાહ, પ્રેમજી પૂંજાભાઈ નિશર વગેરે આર્થિક સહયોગ આપે છે અને અપાવે છે. કાનજી જગાભાઈ પટેલ (કબરાઉ), બાબુભાઈ ભીમાભાઈ આહીર વગેરેની મદદ નોંધનીય છે.

આમ, વાગડના પછાત જ્ઞાતિના સમાજને શિક્ષણ આપી ઘડતર કાર્ય થકી ... ~~શ્રેષ્ઠીઓની સેવા શોભી ઊઠે છે ક્યારે મોટ શહેર ન~~

૧૧ વર્ષમાં આ સંસ્થામાં ૩૦૦થી વધુ કન્યાઓ શિક્ષણ, ઘડતર પામી સમાજ જીવન નિભાવે છે જેમાં ૬૦થી વધુને નોકરી મળી છે. આડેસર વિસ્તારની એક કન્યા ધારાશાસ્ત્રીનો અભ્યાસ કરી રહી છે. આમ પછાત વિસ્તારની પછાત જ્ઞાતિની કન્યાઓ આજે પગભર થઈ જીવન જીવે છે.

કોઈપણ જ્ઞાતિનો વિકાસ એ જ્ઞાતિના કન્યા શિક્ષણ થકી ઉજળો હોય છે. એ હેતુ અનુસાર કપરા સંજોગ છતાં છોકરીઓને સમજાવી ભણાવી એ... થયું છે. ... લાખનો ... રાજ્ય ... કલ્યાણ ... બે લાખ... બાકીનો ... દિવાળી ... આધારિત ... આ ... ધોરીમાર્ગ ... રસોડું, ... ભોજન... શિક્ષણ ...

વાગડના મુંબઈ વસતા શ્રેષ્ઠીઓની સેવા શોભી ઉઠે છે. ક્યારે મોટુ શહેર ના એવુ હોંચી કન્યા ભણી ગર્લ્સને આગળ વધે એથી રૂડુ શું હોય?